## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭


# ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન વિશેષાંક-૨૦૨૨

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન

**સૌજન્ય - શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

તા. ૨૫-૧૨-૨૦૨૨ને રવિવાર

સ્થળ - સરદાર પટેલ બેન્કવેટ હોલ,

ડી. ઝેડ. પટેલ સ્કૂલની સામે, ૮૦ ફૂટ રોડ, આણંદ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના દાતાશ્રી



**સ્વ. અરવિંદભાઈ એસ. દવે**

જન્મ તા. ૧૦–૦૮–૧૯૩૬

અ.નિ. ૦૬–૦૯–૨૦૧૬



**સ્વ. ઈન્દીરાબેન એ. દવે**

જન્મ. તા. ૦૧–૦૧–૧૯૩૯

અ.નિ. ૨૬–૧૨–૧૯૯૯

૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદ પ્રસંગે
શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ
તથા
શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના
હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓને
હાર્દિક અભિનંદન અને શુભેચ્છા.

સર્વે જ્ઞાતિજનોને સાદર શુભકામનાઓ

**દિવ્યાંગ અરવિંદભાઈ દવે**
**ફાલ્ગુની દિવ્યાંગ દવે**
**મોનિકા દિવ્યાંગ દવે**
**નીલ દિવ્યાંગ દવે**
**દુબઈ**

## અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ , તા. ૨૫, ડિસેમ્બર, ૨૦૨૨

### *પ્રમુખશ્રીનું નિવેદન શ્રી કિરીટકુમાર એમ. દવે*

### *તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા શરૂ કરનાર ભૂતપૂર્વ હોદ્દેદારો જ્ઞાતિજનો દ્વારા જે–તે સમયે સુંદર વિચાર ઉદ્‌ભવેલો જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને કોઈની સામે હાથ લંબાવવો ના પડે અને તેઓને આર્થિક મદદ સંસ્થાની આવકની મર્યાદામાં રહીને કરી શકાય જેથી કરીને તેમનું જીવન ગુજરાન ચલાવવામાં મદદરૂપ થઈ શકે.*

*સાથે–સાથે બાજખેડાવાળ દિર્ધદ્રષ્ટા, સ્પષ્ટ વક્તા તથા પોતાની રકમનું વધુમાં વધુ વળતર કેવી રીતે મળે તેનું પણ ધ્યાન રાખતો હોય આવા સંજોગોમાં વિશિષ્ટ સહાય ફંડમાં આવતી રકમની ફિક્સ ડિપોઝીટ કરી તેના વ્યાજમાંથી જ જ્ઞાતિના બહેનોને મદદરૂપ થવાનો અભિગમ શરૂ કરેલ જે રૂ. ૩૦/– થી શરૂ કરી ૨૦૦૪માં રૂ. ૧૮૦/– ચૂકવાતા હતા ૨૦૦૪થી અવિરત પણે નિયમિત રીતે અધિવેશનો કરવાની શરૂઆત થઈ. અધિવેશનની આવકમાંથી ખર્ચ બાદ કરી વધેલી રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હતી. જે વધતા–વધતા ચાલુ સાલે તા. ૩૧–૦૩–૨૦૨૨ના રોજ રૂ. ૧ કરોડ ૯૭ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)*

*આવા સંજોગમાં આ રકમમાં આપણે ચાલુ સાલે રૂ. ૧૩૦૦/– માંથી રૂ. ૨૦૦૦/– તા. ૦૧–૦૮–૨૦૨૨થી પ્રત્યેક માસે આપવાની શરૂઆત કરી છે. અંદાજિત ૫૫ બહેનોને હવે પછી મહિને રૂ. ૧,૧૦,૦૦૦/–ની રકમ વિશિષ્ટ સહાય પેટે ચૂકવાય છે. આમ વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/– પ્રત્યેક વર્ષે ચૂકવાશે.*

*આ જે કંઈ વધારો છે તે જે–તે વર્ષોના હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિ સમાજના ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓ (ભામાશાશ્રીઓ)ને આભારી છે.*

*૧૬મું રાષ્ટ્રીય અધિવેશન જબલપુર મુકામે ૨૦૦૨માં યોજાએલ ત્યારબાદ ૨૦૦૪માં હું પ્રમુખ થયો ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં ૧૭મું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ક્ષીરજામ્બા મુકામે યોજવાનું નક્કી થયેલ તે વખતે હૃદયના એક ખૂણામાં એવી ચિંતા હતી કે અધિવેશન કરવાથી*

કદાચ ખર્ચ કરતાં આવક ઓછી થશે તો ઘરના રૂપિયા જોડવાના આવશે. પરંતુ ક્ષીરજામ્બા માતાજીના અસીમ આશીર્વાદથી રૂ. ૧,૭૩,૦૦૦/– જેવી માતબર રકમ ખર્ચ કરતા આવકનો વધારો થયો આવા સંજોગોમાં પ્રમુખને હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોનું સહકાર મળતો રહ્યો. "મોર જેમ પીંછાથી રળિયામળો" હોય તે મારા સાથી કાર્યકરોએ આ યોજાનાર ૩૩માં અધિવેશનમાં પણ મન–કર્મ–વચનથી આર્થિક–માનસિક–શારિરીક રીતે મને સતત મદદ કરતા રહ્યા છે. (મને એટલે જ્ઞાતિ સમાજને એમ સમજવું) જેના કારણે આપણે વિશિષ્ટ સહાયમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છીએ.

આ તબક્કે સમગ્ર સમાજને મારે જણાવવાનું કે ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ વર્ષોપર્યંત ગામેગામ યોજાતી મિટીંગોમાં, મેળાવડામાં સ્વખર્ચે જાય છે અને અધિવેશનમાં દરેક ગામના મંડળો દ્વારા વધુમાં વધુ સભ્યો હાજર રહે એવા પ્રયત્નોના ભાગરૂપે અધિવેશનના પાસનું વિતરણ પણ કરે છે. જેના કારણે તેઓના અથાગ પ્રયત્નોથી અવિરત સફળતાઓ મળતી રહી છે અને ભવિષ્યમાં પણ મળશે તેમાં શંકાને સ્થાન નથી.

આ તબક્કે હું આપને જણાવું છું કે અન્ય કોઈ ગામની ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન યોજવાની રજુઆત આવી ન હોવાથી આગામી ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન ૩૧–૧૨–૨૦૨૩ના રોજ આપણી સમાજની કુળદેવી માતા ક્ષીરજામ્બાના ચરણોમાં લક્ષ્મીપુરા, ખેડબ્રહ્મા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાનાર છે. સૌ જ્ઞાતિજનો ખૂબ જ મોટી સંખ્યામાં ત્યાં હાજર રહેશે તેવી અપેક્ષા રાખીએ તો અસ્થાને ન ગણાય.

૩૪માં રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત પહેલા જ માતાજીના આશીર્વાદથી અલગ–અલગ સૌજન્યો તથા દાતાશ્રીઓ મળી અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– લાખની જાહેરાતો થયેલ છે અને આજના દિવસમાં હાજર રહેલા સભ્યો તરફથી વધુ સહકાર મળશે તેવી અપેક્ષા રાખુ છું.

અંતમાં ૩૩માં રાષ્ટ્રીય અધિવેશનને સફળ બનાવવા બદલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વલ્લભ વિદ્યાનગરના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા સમગ્ર ભારત ભરના ગામેગામના મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ, **શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના હોદ્દેદારશ્રીઓ કારોબારી સભ્યશ્રીઓ,** બાજખેડાવાળ જ્ઞાતિજનો આણંદ તથા આણંદ નગરપાલિકા–આણંદ ટૂંકમાં આ અધિવેશનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો આ તબક્કે હું આભાર માનું છું અને અહેસાનની લાગણી વ્યક્ત કરું છું.

આ તબક્કે એક એવી વ્યક્તિને આપણે યાદ કરવી પડે કે જેઓએ હું પ્રમુખ થયો (૨૦૦૪)થી મને આ પ્રવૃત્તિમાં ખૂબ જ મોટું બળ પૂરૂં પાડનાર દિવ્યાંગ અરવિંદભાઈ દવે તથા ફાલ્ગુનીબેન દિવ્યાંગભાઈ દવે તથા સ્વ. અરવિંદભાઈ એસ. દવે તથા સ્વ. ઈન્દિરાબેન એ. દવે દ્વારા મને દરે વર્ષે રૂ. ૧,૦૦,૦૦૦/–ની રકમ તેઓના સ્વજનશ્રી હેમંતભાઈ શેલત–

ગાંધીનગર દ્વારા વગર માંગે દર વર્ષે અવિરતપણે મળતી રહી છે. પ્રસંગોપાત આ રકમમાં વધારો પણ થયેલ છે. અત્યાર સુધીના હિતવર્ધક સભાના દાતાશ્રીઓમાં એક જ વ્યક્તિ તરફથી મળેલ અંદાજિત રકમ રૂ. ૨૩ લાખ જે અવિસ્મરણીય છે અને ભવિષ્યમાં પણ તેઓ જ્યાં સુધી ના પાડે નહીં ત્યાં સુધી પ્રત્યેક વર્ષે રૂ. ૧ લાખ અવિરત પણે મળતા રહેશે આ તબક્કે તેઓશ્રીઓનો પણ સંસ્થા આભાર માને છે. પૈસા હોવા અને પૈસા સારા માર્ગે વાપરવા એનું આ એક જ્ઞાતિ સમાજ માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સંસ્થા ક્યારેય આ રકમ માગવા ગઈ નથી દર વર્ષે આ રકમ અધિવેશન બંધ હોવા છતાં (કોરોનાને કારણે) ડિસેમ્બર આખરમાં મોકલી આપે છે.

આ તબક્કે બાજખેડાવાળ મંડળ આણંદ તરફથી આ અધિવેશનમાંથી આવકમાંથી ખર્ચ બાદ કરી વધતી રકમમાંથી અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– જેટલી રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને આપવામાં આવશે તેવી ખાત્રી આપું છું.

– અસ્તુ.

## ચાલો... ચાલો... ચાલો.. ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન, ક્ષીરજામ્બા

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન કે જે આગામી તા. ૩૧–૧૨–૨૦૨૩ને રવિવારના રોજ ક્ષીરજામ્બા (કુળદેવી) મુકામે લક્ષ્મીપુરા, ખેડબ્રહ્મા હાઈવે પર આવેલ બ્રીજ પહેલા લક્ષ્મીપુરા ચોકડી ત્યાંથી જમણાં હાથે આવેલ છે.

આ જગ્યાએ અનેક વાર અગાઉ આપણે અધિવેશનો યોજી ચૂક્યા છીએ. ગામે ગામના મંડળો દ્વારા આ અધિવેશનમાં પહોંચવા માટે લકઝરી બસની વ્યવસ્થા થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. આ અંગેની બસની રકમની જાણ જે–તે ગામના સ્થાનિક મંડળ દ્વારા કરવામાં આવશે તથા ગામે ગામેના મંડળોને તા. ૧–૪–૨૦૨૩ પછી અધિવેશનના પાસ વિતરણ માટે મોકલી આપવામાં આવશે. (ચાલુ વર્ષની જેમ) પાસથી કોઈ વંછિત રહીના જાય તેનું ધ્યાન રાખવું તે આપ સૌની પ્રાથમિક ફરજ છે.

(૧) અધિવેશન તા. ૩૧–૧૨–૨૦૨૩ને રવિવાર
(૨) સ્થળ – શ્રી ક્ષીરજામ્બા માતાનું મંદિર, લક્ષ્મીપુરા, ખેડબ્રહ્મા
(૩) પ્રત્યેક પાસની રકમ રૂ. ૧૫૦/–
(૪) અધિવેશનની શરૂઆત સવારના ૯.૩૦ કલાકે પૂર્ણાહૂતિ સાંજના ૪.૩૦ કલાકે
(૫) અધિવેશન સ્થળે (ક્ષીરજામ્બા મંદિર) ખાતે નવચંડી યજ્ઞનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય યજમાન (૧) ના રૂ. ૧૧,૦૦૦/– તથા સહયજમાન (૧૧)ના રૂ. ૫,૦૦૦/– રાખેલ છે. આપને જ્યારે આ અહેવાલ મળશે ત્યારે મુખ્ય યજમાન તથા સહયજમાનના (૩) નામ આવી ગયેલ છે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી રકમ ભરવાની રહેશે. યજ્ઞ અંગેની તમામ માહિતી (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ પરથી મળશે.

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદનો ઇતિહાસ

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ , તા. ૨૫, ડિસેમ્બર, ૨૦૨૨

## મંત્રીશ્રી સમીરભાઈ એસ. દવેનો અહેવાલ



શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપનાનો વિચાર તા. ૦૯-૦૨-૧૯૮૬માં શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પીઠ ગાદી સ્થાન વડતાલ મુકામે જ્યાં સાક્ષાત લક્ષ્મીનારાયણ દેવ બીરાજમાન છે એવા ધામમાં થયો. ત્યારબાદ જ્ઞાતિ સમાજના વિવિધ લોકો ભેગા થઈ, સભાઓ કરતા આ સભાઓમાં સમાજ સુધારાના ખ્યાલથી શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા (એટલે કે જ્ઞાતિજનોનું હિત વધારનાર) નામ રાખવામાં આવેલું.

શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ જે બાજખેડાવાળ સમાજનું રાષ્ટ્રીય એકમ છે અને તે તેના નામથી કાર્યક્ષેત્રની ખબર પડે. મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાતિ સમાજની નિરાધાર વ્યક્તિને વિશિષ્ટ સહાય ફંડ દ્વારા દર માસે આર્થિક સહાય અપાય છે.

(૨) જ્ઞાતિ સમાજનું મુખપત્રક 'બાજખેડાવાળ પત્રિકા' દર માસે પ્રસિદ્ધ કરાય છે.

(3) સમાજના વિકાસ માટે રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.

(૧) હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડની રકમમાં વધારો કરવો તેનો કાયમી ટ્રસ્ટ ફંડ તરીકે સ્વીકારવો અને વ્યાજની રકમમાંથી જ વિશિષ્ટ સહાયની ચૂકવણી કરાય છે. છેલ્લા ૧૪ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ સ્થળોએ અધિવેશન સંપન્ન કર્યા જેમાં જ્ઞાતિજનોના સાથ સહકારથી રકમમાં વધારો થયો છે. પ્રમુખશ્રી કિરીટભાઈ દવેએ સક્રિય કઠોર પરિશ્રમ તેમજ કુશળતા અને બાહોશ નેતૃત્વ પુરૂ પાડી વિશિષ્ટ સહાય ફંડની રકમ ૨૦૦૪માં રૂા. ૩૭,૭૦,૫૨૨/- થી ૩૧-૩-૨૦૨૨ના સુધી વર્ષમાં રૂા. **૧,૯૭,૦૦,૦૦૦/-** સુધી પહોંચાડી. દર માસે વિશિષ્ટ સહાય રૂા ૩૦ થી શરૂ કરી ૦૧-૦૮-૨૦૨૨થી માસિક રૂા. ૨૦૦૦/- આપણે ૫૫ કુટુંબને આપીએ છીએ. તેમજ નાની ઉંમરની ૬૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતી બહેનોના બાળકોને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી પેટેની સહાય સંસ્થાની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે.

વિશિષ્ટ સહાય આગળના વર્ષોમાં વધારીને રૂ. ૨૫૦૦/- પ્રતિમાસ આપી શકીએ આ હિતવર્ધક સભાની લાગણી અને સ્વપ્ન સાકાર કરવા આવો આપણે સૌ ભેગા મળીને સહિયારો

પ્રયત્ન કરીએ....

(૨) બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સમાચારો આપના સુધી પહોચાડવાનો નમ્ર પ્રયાસ થયો છે. લગ્નોત્સુક યુવક-યુવતિઓના જન્માક્ષર, અવસાન નોંધ, અભિનંદન, લેખો, સમાજને જાગૃત કરવાના, કેળવવાના તેમજ શહેર ગામના મંડળો દ્વારા થનાર અને થઈ ગયેલી પ્રવૃતિઓનું સમાચાર માધ્યમથી સંગઠનના ભાગરૂપે બજાવેલ અને થયેલ કામગીરી ઉત્કૃષ્ઠ જ્ઞાતિ સમાજને પહોંચાડવાની હોય છે. સમસ્તનો સહકાર સહયોગ લઈને અને આપીને સમાજને વધુ ઉજ્જવળ તેમજ આર્થિક રીતે સદ્ધર બનાવીએ.

પત્રિકાનું મહત્ત્વ દિવસે દિવસે ઘટતું જાય છે કારણ કે હાલ મિડીયાના માધ્યમથી આપણે પત્રિકા વ્હોટસ એપ, ફેસબુક, વેબસાઈટથી જતી હોય છે અને બહુ જુના સભ્યો કે જેઓએ રૂ. ૩૦૦/-માં પત્રિકા મંગાવતા હતા તેવા ૧૯૯૬ની સાલ સુધીના સભ્ય નંબર ૩૦૦૦ સુધીના સભ્યોને પત્રિકા બંધ કરવામાં આવી છે આમ છતાં હાલ આપણે ૨૦૦૦ પત્રિકાઓ છાપીએ છીએ. જ્ઞાતિજનો દ્વારા નવા સભ્યો પણ અવિરત બનતા રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં જણાવ્યા પ્રમાણે અધિવેશન ભરાયાં. હિતવર્ધક સભાનું પ્રથમ અધિવેશન તા. ૩૧-૧૨-૧૯૧૧ના ઉમરેઠ મુકામે શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવેના પ્રમુખ સ્થાને મળેલુ હતું.

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૧૯૧૧ | ઉમરેઠ | પ્રમુખ શ્રી દિવાનબહાદુર રણછોડભાઈ દવે |
| (૨) | તા. ૨૯-૧૨-૧૯૧૨ | ડાકોર | પ્રમુખ શ્રી ભાઈશંકર પંડ્યા |
| (૩) | તા. ૨૮-૧૨-૧૯૧૩ | ભરૂચ | પ્રમુખ શ્રી દામોદર જી. જોષી |
| (૪) | તા. ૦૪-૦૪-૧૯૧૫ | નડીયાદ | પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મહેતા |
| (૫) | તા. ૨૩-૦૪-૧૯૧૬ | આણંદ | પ્રમુખ શ્રી વૈજનાથ પંડ્યા |
| (૬) | તા. ૩/૪-૦૪-૧૯૨૬ | મહુધા | પ્રમુખ શ્રી મંછારામ ભટ્ટ |
| (૭) | તા. ૧૮-૦૫-૧૯૪૭ | ઉમરેઠ | પ્રમુખ શ્રી ડૉ. ચંદુલાલ જોષી |

૧૯૪૭ થી ૧૯૭૨ સંસ્થા સુષુપ્ત રહી ત્યારબાદ

સંસ્થા ફરી સક્રિય થઈ જેના સ્વરૂપે આઠમું અધિવેશન ભરાયું.

| | | | |
|---|---|---|---|
| (૮) | તા. ૧૧-૦૬-૧૯૭૨ | અમદાવાદ | પ્રમુખ શ્રી ગણપતલાલ પી. ઠાકર |
| (૯) | તા. ૧૮-૧૧-૧૯૭૩ | નડીયાદ | પ્રમુખ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૦) | તા. ૨૨-૧૦-૧૯૭૪ | અમદાવાદ | પ્રમખુ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૧) | તા. ૨૦-૦૨-૧૯૭૮ | સુરત | પ્રમુખ શ્રી નાનુભાઈ હરિપ્રસાદ દવે |
| (૧૨) | તા. ૧૮/૧૯-૧-૧૯૭૯ | ઉમરેઠ | પ્રમુખ શ્રી નંદશંકર ઉમીયાશંકર દવે |
| (૧૩) | તા. ૦૮-૦૧-૧૯૮૯ | નડીયાદ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૪) | તા. ૨૬-૦૧-૧૯૯૦ | મદ્રાસ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૫) | તા. ૧૦-૦૪-૧૯૯૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી ઘનશ્યામપ્રસાદ શેલત |
| (૧૬) | તા. ૧૮/૧૯-૧૧-૦૨ | જબલપુર | પ્રમુખ શ્રી ભગવતપ્રસાદ એમ. ભટ્ટ |

૧૬મું અધિવેશન જબલપુર મુકામે ૧૨૦૦ ડેલીગેટની હાજરીમાં યોજાઈ ગયું.

| | | | |
|---|---|---|---|
| (૧૭) | તા. ૦૬-૦૨-૦૫ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૮) | તા. ૨૪/૨૫-૧૨-૦૫ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૯) | તા. ૩૦/૩૧-૧૨-૦૬ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૦) | તા. ૨૯/૩૦-૧૨-૦૭ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૧) | તા. ૨૭/૨૮-૧૨-૦૮ | અમદાવાદ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૨) | તા. ૨૬/૨૭-૧૨-૦૯ | મદ્રાસ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૩) | તા. ૨૫/૨૬-૧૨-૧૦ | વડતાલ | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૪) | તા. ૨૫-૧૨-૨૦૧૧ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૫) | તા. ૩૦-૧૨-૨૦૧૨ | વસો | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૬) | તા. ૨૮/૨૯-૧૨-૨૦૧૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૭) | તા. ૨૮-૧૨-૨૦૧૪ | મહેમદાવાદ | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૮) | તા. ૨૭-૧૨-૨૦૧૫ | મહુધા | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૯) | તા. ૨૫-૧૨-૨૦૧૬ | ઉમરેઠ | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૦) | તા. ૨૪-૧૨-૨૦૧૭ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૧) | તા. ૩૦-૧૨-૨૦૧૮ | આશાપુરી | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| (૩૨) | તા. ૨૬-૧૨-૨૦૧૯ | આણંદ | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| | ૨૦૨૦ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| | ૨૦૨૧ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| (૩૩) | તા. ૨૫-૧૨-૨૦૨૨ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૪) | તા. ૩૧-૧૨-૨૦૨૩ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |

તા. ૨૨-૮-૨૦૦૪ના રોજ હિતવર્ધક સભાના અત્યાર સુધીના ઇતિહાસમાં નાની ઉંમરના ખુબ જ ઉત્સાહિત ખંતીલા, સેવાની ભેખ લઈને નિકળેલા શ્રી કિરીટભાઈ દવે પ્રમુખ મલ્યા જેમણે જ્ઞાતિ સમાજની કુળદેવીનું સ્થાન છે. એવા શ્રી ક્ષીરજમ્બા-ખેડબ્રહ્મા મુકામે ૧૭મું અધિવેશન ભરવાનો વિચાર રજૂ કર્યો. સાથે સાથે અંબાજી દર્શન પણ થાય તેવા શુભ આશય સાથે જંગલમાં મંગલ જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં જ્ઞાતિસમાજના સભ્યો માટે ફક્ત રૂા. ૫૧/-નું રજીસ્ટ્રેશન રાખેલ હતું. હિતવર્ધક સભાના કારોબારી સભ્યો તેમજ અતિથિ વિશેષશ્રીઓ દ્વારા સુંદર સહયોગ સ્વરૂપે આ અધિવેશનના ૨૧૦૦ સભ્યોએ ભાગ લીધો.

સમગ્ર ખર્ચને બાદ કરતાં અધિવેશનની આવકની બચત રૂા. ૧,૭૩,૦૦૦/- રકમ વિશિષ્ટ સહાય ફંડ ખાતે લઈ જવામાં આવી.

૧૮મા અધિવેશનમાં આણંદ મંડળ દ્વારા રૂ. ૯૪,૦૦૦/-ની રકમ સભાને મળેલ.

૧૯મું રાષ્ટ્રીય અધિવેશન હિતવર્ધક સભાના યજમાન પદે અમદાવાદમાં થયું જેમાં ખર્ચની રકમ બાદ કરતાં રૂા. ૨,૧૩,૩૩૬/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૨૦માં અધિવેશન નડીયાદમાં થયેલ જેમાં નડીયાદ મંડળ દ્વારા રૂ. ૨૦,૦૦૦/-ની રકમનું દાન આપવાનું નક્કી થયેલ.

**ત્યારબાદ ૨૧માં રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ**

**મંડળ દ્વારા પ્રમુખશ્રી વિઠ્ઠલરાય ભટ્ટ તેમજ કારાબોરી સભ્યોએ ખર્ચની રકમ બાદ કરીને વધતી ૧૦૦% રકમ હિતવર્ધક સભાને રૂા. ૫.૩૦ (અંકે રૂપિયા પાંચ લાખ ત્રીસ હજાર પુરા) જેવી માતબર રકમ હિતવર્ધક સભાને અર્પણ કરેલ છે.**

૨૩મું રાષ્ટ્રીય અધિવેશન વડતાલ મુકામે હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ જેમાં સંસ્થાને રૂ. ૧,૩૨,૦૦૦/-

૨૪મું રાષ્ટ્રીય અધિવેશન બા.ખે.મંડળ આણંદના સૌજન્યથી મા ક્ષીરજામ્બાના ચરણોમાં યોજાયેલ જેમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં કુલ ૨,૩૪,૦૦૦/-ની રકમ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

૨૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ ૩,૫૩,૦૦૦ જેટલી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ મળેલ છે.

૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં હરહંમેશ જ્ઞાતિ પ્રવૃતિમાં અગ્રેસર રહેતા યુવાનોને સમાજની પ્રવૃતિમાં જોડવાની પહેલ કરવામાં આવી હતી. તત્કાલિન પ્રમુખશ્રી અને સમાજના કાર્યકરોને સાથે મળીને વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં પ્રયાસ કરેલ, જે સરાહનીય છે જેના પરિણામે ૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશરે રૂ. ૧૨ લાખ જેવી માતબર રકમનો વધારો કરી શક્યા છીએ.

૨૭માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહેમદાવાદ સમાજ દ્વારા નફાના ૫૦% ટકા લેખે રૂ. ૧,૩૮,૮૬૫/- તેમજ રૂ. ૧,૦૦,૦૦૦/- એમ મળી કુલ રૂ. ૨,૩૮,૮૬૫નું યોગદાન અધિવેશન પ્રસંગે મળેલ છે.

૨૮માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહુધા સમાજ દ્વારા નફાના ૫૦% ટકા લેખે રૂ. ૧,૧૧,૧૧૧/-નું યોગદાન અધિવેશન પ્રસંગે મળેલ છે.

૨૯માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉમરેઠ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા અંદાજીત રૂ. ૧૦,૫૫,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં ક્ષીરજામ્બા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૫,૦૯,૬૦૨/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશાપુરી મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૪,૦૧,૧૫૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૫,૫૦,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં ફરી વખતે આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના યજમાન પદે થઈ રહેલ છે. જેમાં ખર્ચની રકમ બાદ કરતા અંદાજીત રૂ. ૬,૦૦,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૧૯૭૨ થી આ સંસ્થાને સજીવન કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રીઓએ જુદા જુદા

ગામોની મિલકત માટે, વસતિપત્રક માટે, લગ્નપ્રથા, તેમજ સંસ્થાને બંધારણીય દૃષ્ટિએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કર્યા.

આ વિશિષ્ટ સહાય ફંડ ભેગુ કરવામાં શ્રી નૌતમલાલ ઠાકર, શ્રી ભગવતપ્રસાદ ભટ્ટ, સ્વ. શ્રી હરિવદનભાઈ ત્રિવેદી, શ્રી કિરીટભાઈ દવે, શ્રી શૈલેન્દ્રભાઈ દવે, શ્રી બળવંતભાઈ દવે, શ્રી શૈલેષભાઈ જોષી, શ્રી મહાવીરભાઈ દેસાઈ, શ્રી અનિલભાઈ ઠાકર, શ્રી જગદીશભાઈ દવે, શ્રી અજીતભાઈ દવે જેવા મહાનુભાવો તથા સર્વે દાતાશ્રીઓ તેમજ સંસ્થાના એક યા બીજી રીતે આર્થિક સહાય પૂરી પાડનાર સર્વે જ્ઞાતિજનોનો સિંહફાળો રહેલો છે. ૧૯૭૬માં રૂ. ૧૨ થી શરૂ કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયની રકમ વધતા ૧૯૮૬માં રૂા. ૫૦, ૧૯૯૮-૯૯માં રૂા. ૧૫૦/- ત્યારબાદ રૂા. ૧૮૦/-, રૂા. ૨૦૦/, રૂા. ૨૫૦/- રૂા. ૪૨૫/-, રૂા. ૪૭૫/-, રૂ. ૬૦૦/- તેમજ ૧-૧૨-૨૦૧૪થી રૂ. ૭૫૦/-, તા. ૧-૧૨-૨૦૧૫થી રૂ. ૧૦૦૦/-, તા. ૨૮-૧-૨૦૧૮થી રૂ. ૧૩૦૦/- આપવાના શરૂ કરેલ છે. જે રકમ હવે તા. ૦૧-૦૮-૨૦૨૨થી રૂ. ૨૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.

ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૨ના રોજ રૂ. ૧ કરોડ ૯૭ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)

હાલ ૫૫ બહેનો x રૂ. ૨૦૦૦/- = રૂ. ૧,૧૦,૦૦૦/- પ્રત્યેક માસે એક કુલ મળી વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/-ની માતબર રકમ વિશિષ્ટ સહાય પેટે આપવામાં આવે છે. જેથી વહીવટદારોના સુઝબુઝથી પોતાના ફંડને વધુમાં વધુ આવક મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે અને આ રકમો ચૂકવાય છે. આમ ઉત્તરોત્તર પ્રગતિ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

હાલની મોંઘવારીમાં વિશિષ્ટ સહાયની રકમ ઓછી ગણાય. દેશ-વિદેશમાં વસતા આપણા સગાસંબંધી મિત્ર વર્તુળમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી સહ ફરીથી વિશિષ્ટ સહાય ફંડની રકમ વધારે ભેગી કરી તેના વ્યાજમાંથી અપાતી રકમ વધારે ચુકવી શકીએ તેવા ઘનિષ્ઠ પ્રયાસો હિતવર્ધક સભા આપના દ્વારા કરે છે જેને આપ સર્વે બળ આપી વધારી જ્ઞાતિ સમાજના નિરાધાર - શારિરીક અશક્ત અને જરૂરીયાત મંદ વ્યક્તિઓને સહાય કરવાનો પ્રયાસ કરીએ.

વિશિષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે આપ મોટી રકમથી સહાય કરી શકો તેવું જ નથી આપના દ્વારા અપાયેલ નાનામાં નાની રકમ પણ "ટીપે ટીપે સરોવર" ભરાય તેવી મદદરૂપ થઈ શકે છે. આપનો જન્મદિવસ હોય, આપની લગ્નની તિથી હોય, માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન કે કુટુંબના કોઈ સ્વજન વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવી માહિતી સાથે યોગ્ય રકમ આપી આ વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં ખૂબ જ ઉપયોગી બની શકો છો. આપની આ નાની-નાની સહાય કેટલો મોટો ફંડ બની જશે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો જ્ઞાતિ સમાજના તમામ ભાઈઓ-બહેનો દ્વારા આ ભગીરથ યજ્ઞને પાર પાડવા જે કોઈ સહકાર આપેલ છે. તે બદલ સૌનો આભાર. આપ સર્વે જ્ઞાતિજનોને કોટી કોટી અભિનંદન.

**- સમીરભાઈ દવે (મંત્રીશ્રી)**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અધ્યક્ષ સ્થાનેથી...



**શ્રી જગતભાઈ એચ. દવે**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું રાષ્ટ્રીય અધિવેશન ૨૦૦૪થી સતતપણે દર વર્ષે સૌ જ્ઞાતિજનોના અનન્ય સહકાર અને સુમેળ ભાવનાના પરિપાકરૂપે યોજાતું આવ્યું છે. ફક્ત વચ્ચે બે વર્ષ કોરોનાને કારણે અધિવેશનનું આયોજન ના થઈ શક્યું જે સૌને સુવિદિત છે. દર વર્ષે યજમાન અને સ્થળ સંજોગાનુસાર બદલાય છે.

આ વર્ષે ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન, શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના યજમાનપદે તા. ૨૫-૧૨-૨૦૨૨ને રવિવારના રોજ આણંદમાં ડી. ઝેડ્. પટેલ સ્કૂલ પાસે આવેલા સુંદર સરદાર પટેલ બેંક્વેટ હોલ ખાતે યોજવામાં આવ્યું છે. સમગ્ર અધિવેશન ભવ્યાતિભવ્ય બની રહે અને સૌ જ્ઞાતિજનોને યાદગાર બને એવી બેનમૂન તૈયારીઓનું આયોજન કરવામાં આવ્યું છે.

અધિવેશન માટે સૌનો અદ્‌ભુત સહકાર સાંપડ્યો છે અને હજુયે વિવિધ સંદેશાઓ એ અંગે આવતા રહ્યા છે એ જ સૂચવે છે કે આ અધિવેશન સૌના સુભગ સહકારથી અપ્રતિમ સફળતાનાં શિખરો હાંસલ કરશે જ. વિવિધ ક્ષેત્રોના ઘણા જ્ઞાતિજનો અને દાતાઓનો અનન્ય અને અપ્રતિમ દાન પ્રવાહ અધિવેશનના આયોજકોને સાંપડ્યો છે જે માટે સંસ્થાના નાના-મોટા સૌ કાર્યકરો સૌનાં આભારી છે.

આપ સૌને સુવિદિત જ છે કે આવાં અધિવેશનો સતતપણે યોજવાના પરિપાકરૂપે જ આપણે આપણા જ્ઞાતિ સમાજના ઉત્કર્ષ માટે માતબર રકમ ડિપોઝીટ રૂપે જમા કરી શક્યા છીએ જેના વ્યાજની આવકમાંથી વિધવા સહાય ફંડમાં આપણે આપણી જ્ઞાતિની જરૂરિયાત મંદ વિધવા બહેનોને સહાયરૂપ થઈ શકીએ છીએ અને ક્રમશ: દર વર્ષે એ રકમ વધતાં વધતાં હવે માસિક ૨૦૦૦/- સુધી પહોંચવા જનાર છે.

આ સઘળું આપ સહુ સુજ્ઞ જ્ઞાતિજનોના અને દાનવીર દાતાઓના અનન્ય સહકાર અને સહયોગ થકી જ શક્ય બનેલ છે જે માટે સંસ્થાના સૌ કાર્યકરો અંતરથી આભારી છે.

હજુયે વધુ ને વધુ આવો ને આથીયે અદકેરો સહકાર અને સહયોગ વર્ષોવર્ષ આપતા રહો તો દર વર્ષે વિવિધ ગામોના મંડળો દ્વારા અધિવેશનના આયોજન માટે યજમાનપદ સાંપડે અને ભવ્ય રીતે અધિવેશન પાર પડે, તો હિતવર્ધક સભાનું ભંડોળ લગાતાર વધતું રહે અને પરિણામે વિધવા સહાયની રકમ આ અસહ્ય મોંઘવારીના સમયમાં નિરંતર વધતી રહે તથા વિવિધ જ્ઞાતિલક્ષી કાર્યક્રમો અને યોજનાઓનું આયોજન સુપેરે પાર પડે. આજે જ્યારે દેશમાં દિનપ્રતિદિન સામાજિક એક્તાની જરૂરિયાત વધતી જ જાય છે તેવા સમયે આપણી જ્ઞાતિનાં આવા અધિવેશન અને વિવિધ કાર્યક્રમો અવારનવાર યોજાતા રહેશે તો જ આપણે સહુ એકબીજાના સાથ, સહકાર અને સુમેળભર્યા પ્રયત્નોથી સમાજમાં અગ્રેસર રહી શકીશું અને સૌને સાથે સંગાથે રાખી શકીશું એમાં કોઈ જ બે મત નથી.

આપ સહુ જ્ઞાતિજનોને આજના સુંદર પ્રસંગે ખાસ વિનંતી છે કે આપણા રોજિંદા જીવનમાં ઘટતા નાના મોટા, સારા નરસા, પ્રસંગોએ જ્ઞાતિ સંસ્થાના વિવિધ પ્રકલ્પોમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે સહાયભૂત થતા રહો તો જ આપણી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ સક્ષમ બને.

વિના સહકાર, નહીં ઉદ્ધાર.

જય બાજખેડાવાળ, જયહિંદ.

## વિશિષ્ટ સહાય ફંડની માહિતી

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં આપશ્રી દ્વારા આપેલી રકમની ફિક્સ ડિપોઝીટ થાય છે તેના વ્યાજમાંથી જ વિધવા - ત્યક્તા - વિધુર - જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને વિશિષ્ટ સહાય ફંડ આપવામાં આવે છે. આપશ્રીને આ રકમ આપવી હોય તો ડાયરેકટ આપશ્રી આ રકમ નીચે મુજબની વિગતથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ખાતામાં જમા કરાવી શકો છે.

| | |
|---|---|
| Account Name | - Shri Akhil Bhartiya Bajkhedaval Hitwardhak Sabha |
| Bank Name | - Bank of Baroda |
| Account Number | - 1840100007786 |
| IFSC CODE | - BARB0DBMANE (Fifth Character is Zero) |

પરંતુ આપશ્રીએ આ રકમ જ્યારે RTGS, IMPS, Bank Transfer કરો કે કરાવો ત્યારે આપશ્રીનું પુરૂં નામ, સરનામું અને આપેલ રકમની વિગત સાથે પાન કાર્ડ / આધારકાર્ડ / ઈલેકશન કાર્ડ પૈકી કોઈપણ એક ફોટો આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ સાથે આપવાની રહેશે.

આપશ્રી ફંડ ટ્રાન્સફર કરશો અને માહિતી નહીં મલે તો અમે પાવતી બનાવી શકીશું નહીં આપશ્રી દ્વારા (મો.) ૭૫૭૩૯૭૮૪૭૭ ઉપર વ્હોટસ એપ પણ કરી શકો છો અથવા પણ ટપાલથી પણ મોકલી શકો છો.

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી, અમદાવાદ

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ , તા. ૨૫, ડિસેમ્બર, ૨૦૨૨

## પ્રમુખશ્રીનું નિવેદન શ્રી પ્રણવભાઈ શશીકાન્તભાઈ જોષી



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના યજમાન પદે આયોજીત ૩૩મું રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતના ગામોમાં વસતા બાજખેડાવાળ જ્ઞાતિજનો એકમેકને મળી અને વિચારોની આપ-લે થાય. સંબંધો ગાઢ બને તથા આનંદ-પ્રમોદ કરવાનો શુભ અવસર છે. સંસ્થાને અભિગમ આવા આયોજન થકી વધતી આવકમાંથી ખર્ચ બાદ કરતા વધતી રકમનો ઉપયોગ સમાજની વિધવા બહેનોને આર્થિક સહાય કરવાનો છે. જે ખરેખર એક અનુકરણીય કાર્ય છે. જે સહાય રૂ. ૩૦/-થી શરૂ કરી આજે પ્રતિ માસે રૂ. ૨૦૦૦/-એ પહોંચ્યા છે. આ માટે સમગ્ર જ્ઞાતિજનો તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યોનો ખૂબ જ ફાળો રહેલ છે. આ અધિવેશનમાં હાજર રહેનાર સૌ જ્ઞાતિજનોનો શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ આભાર માને છે. અહેસાનની લાગણી અનુભવે છે અને અધિવેશન સફળ બને તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ. આવા અધિવેશન દર સાલ ગામે ગામે યોજાતા રહે અને જ્ઞાતિજનો સદાય આનંદ કરતા રહે તેવી શુભેચ્છા.*

*જય મહાદેવ*

# શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વલ્લભ વિદ્યાનગર

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ , તા. ૨૫, ડિસેમ્બર, ૨૦૨૨

## *ઉપપ્રમુખશ્રીનું નિવેદન શ્રી જગદીશભાઈ પ્રાણશંકર દવે*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના યજમાન પદે તા. ૨૫-૧૨-૨૦૨૨ના રવિવારના રોજ ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહેલ છે. આ તબક્કે શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તરીકે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસનો હું છેલ્લા ૫૨ વર્ષથી સાક્ષી છું ખૂબ જ નાની પ્રવૃત્તિઓથી શરૂ કરેલ સંસ્થા આજે એક ખૂબ જ વિશાળ વટવૃક્ષ બની છે જેમાં શંકાને સ્થાન નથી. અગાઉ અધિવેશનો યોજાતા હતા જેમાં નિયમિતતા નહોતી પરંતુ યુવાન અને બાહોશ પ્રમુખશ્રી કિરીટકુમાર દવેની ૨૦૦૪ની સાલમાં પ્રમુખ તરીકે નિમણૂંક થતાં અધિવેશનની વણથંભી વણઝાર (કોરોનાને બાદ કરતાં) નિયમિત રીતે ચાલુ હતી. ૨ વર્ષના વિરામ બાદ ચાલુ સાલથી ફરી આ યાત્રા અવિરત પણે ચાલશે તેમાં શંકાને સ્થાન નથી.*

*અધિવેશનો, મેળાવડાઓ, મેરેજ કોન્ફરન્સો, સમૂહ જનોઈ, નવચંડી યજ્ઞ, વડીલોનું સન્માન સમારંભ, લઘુરૂદ્ર, શરદોત્સવ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ જેવા કાર્યક્રમો ગામે ગામના મંડળો દ્વારા યોજાય છે. જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનો એકબીજાથી નજીક આવે અને વધુ સારી રીતે જ્ઞાતિને આગળ વધારવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.*

*આ પ્રસંગેશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નામી-અનામી સૌ દાતાઓ, ઉદ્દ્ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથી વિશેષશ્રીઓને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.*

*સૌને મારા જય માતાજી*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના ઉદ્‌ઘાટકશ્રી



### ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ

**જન્મ તા. ૦૨-૦૫-૧૯૩૨** **વતન - ઉમરેઠ**

*શૈક્ષણિક - પ્રાથમિક-માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે* N. S. Patel Arts College*માં સેવા આપી. દરમ્યાન* Ph.D.*ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.*

*ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલા મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃત્તિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃતિ કરી રહ્યું છે.*

*બે દિકરા અને બે દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.*

*હાલ આણંદ બાજખેડાવાળ મહિલા મંડળની પ્રવૃત્તિઓમાં રસ લઈ વિકાસના સ્તર પર આગળ લઈ ગયા છે.*

*ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટના પતિ ચન્દ્રગુપ્ત ભટ્ટ કે જેઓ સી. કે. ભટ્ટના નામે ઓળખાતા હતા. છેલ્લા ૧૦ વર્ષથી અધિવેશનના ઉદ્‌ઘાટક તરીકે તેઓશ્રી આવતા હતા અને સમાજને માર્ગદર્શન આપતાં હતા. કોરોના કાળ દરમ્યાન લાંબી બીમારી બાદ તેઓ સ્વર્ગારોહણ થયેલ પરંતુ તેમની પરંપરા ડૉ. વનલતાબેને જાળવી રાખેલ છે. તેઓશ્રીનો આ પ્રસંગે સંસ્થા આભાર માને છે.*

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



## શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

*"નટુકાકા"ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા-પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના પણ ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષા પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃત્તિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ તેના પરિવાર સાથે ફિલિપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. હાલ વરૂણભાઈને ત્યાં ૮ માસનો શિવાત્મ નામે પુત્ર છે. પ્રિયાંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે. નાનો પુત્ર મહર્ષિ અભ્યાસ સાથે સંગીતમાં વિશેષ રૂચિ લઈ ખૂબ જ આગળ પોતાની કારકિર્દી વધારી રહેલ છે.*

*આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દૃષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.*

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



## ડૉ. પ્રવીણાબેન નરેન્દ્રકુમાર પંડ્યા

૩, તક્ષશિલા બંગલોઝ, હોટલ એરિઝોના પાછળ, આણંદ સોજીત્રા રોડ, આણંદ-૩૮૮૦૦૧
+91-94272 05163, pravina1950@gmail.com

મૂળ વતન : ઊંડી શેરી, માતાવાળી પોળ, આણંદ

પિતાશ્રી : જયંતિલાલ ભોગીલાલ પંડ્યા

માતાશ્રી : તારાબેન જયંતિલાલ પંડ્યા

અભ્યાસ : બી.એ., એમ.એ. (ઇકોનોમીક્સ) યુનિવર્સિટી ફર્સ્ટ ગોલ્ડમેડલ
પીએચ.ડી. (ઇકોનોમીક્સ)

કારકીર્દી :
- અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે ૩૦ વર્ષ જૂનાગઢ કોલેજમાં સર્વિસ કરી
- પીએચ.ડી.ના ઇકોનોમીક્સના ગાઇડ તરીકે ૧૨ વિદ્યાર્થીને ડિગ્રી આપી
- અર્થશાસ્ત્રના ૬ પુસ્તક લખ્યા છે.
- નોકરીની શરૂઆત આણંદ એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં ૧૦ મહિનાથી કરી
- લગ્ન પછી તેમણે જૂનાગઢને કર્મભૂમિ બનાવી

વિષેશ :
- સાહિત્ય, સંગીત અને સંશોધન પ્રિય વિષય છે.
- સ્ત્રીઓના વિકાસ અને સ્ટેટસ વિષે ખૂબ ઉંડાણપૂર્વક સંશોધન કરી એવોર્ડ પ્રાપ્ત કર્યા છે
- નેશનલ અને પ્રાદેશિક સેમિનારમાં સ્ત્રી સશક્તિકરણ ઉપર પેપરો રજૂ કર્યા છે.

પરિવાર :
- પતિ ડો. નરેન્દ્રકુમાર પંડ્યા, પ્રોફેસર-જૂનાગઢ એગ્રી યુનિ. જૂનાગઢ
- પુત્ર ડૉ. મૌલિક પંડ્યા, પ્રિન્સિપાલ - એમ.બી. સાયન્સમાં બી.સી.એ. કોલેજ આણંદ
- પુત્રવધુ જિયા પંડ્યા, ઉડાન ઇંગ્લીશ મિડિયમ, ચરોતર એજ્યુ. સોસાયટી, આણંદ
- પૌત્ર દેવસ્ય આનંદાલયમાં 5th સ્ટાન્ડર્ડ
- પુત્રી ડૉ. મૌર્વી વસાવડા, બિઝનેસ મેનેજમેન્ટ વિભાગ, ગણપત યુનિ.
- જમાઇશ્રી નેહીત વસાવડા, એ.જી.એમ. - અમૂલ ફેડ ડેરી, અમ.
- દોહિત્રી ધીમહિ વસાવડા, એમ.એસ.સી. બાયોટેકનોલોજીમાં અભ્યાસ, સિમ્બાયોસીસ, પુના

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



## શ્રી રમાબેન કાંતિલાલ જોષી

જન્મતારીખ: ૧૪-૦૪-૧૯૪૩

મૂળવતન : ઉમરેઠ, હાલ-અમદાવાદ

અભ્યાસ : પી.ટી.સી.

કારકીર્દી : રમાબેનના લગ્ન અમદાવાદ (મુળ-ઉમરેઠ) નિવાસી કાંતિલાલ સી. જોષી સાથે થયેલ છે.

કાંતિલાલ જોષી બી.ઓ.બી. બેંકમાં મેનેજર તરીકેની સેવાઓ આપી. હાલ નિવૃત્ત છે.

રમાબેન તેમનો અભ્યાસ પૂર્ણ કરી ગોધરા મુકામે શિક્ષીકા તરીકે કારકીર્દી શરૂઆત કરેલ. ત્યારબાદ લગ્ન થવાથી અમદાવાદ મુકામે શીફ્ટ થઈ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં નગર પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નિવૃત્ત પર્યંત શિક્ષીકા તરીકે સેવાઓ આપેલ છે.

તેમને બે પુત્રો છે. જેમાં મોટો પુત્ર હિરેન કે જે સીવીલ એન્જીનીયર છે અને અમેરીકા મુકામે ગર્વમેન્ટ જોબ છે. તેઓની પત્ની નિલમ તથા બે દિકરીઓ સાથે અમેરીકામાં સ્થાયી થયેલ છે તથા નાનો પુત્ર ઉર્વીશ કે જેઓ બી.કોમ. પછી પોતાનો કોમ્પ્યુટર ગ્રાફીક્સનો વ્યવસાય કરે છે. તેમની પત્ની નિધી તથા એક દિકરી સાથે અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

રમાબેન તથા કાંતિભાઈ તેમનું નિવૃત્ત જીવન નાના પુત્ર ઉર્વીશ સાથે હાલ અમદાવાદમાં વિતાવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



| | | |
|---|---|---|
| નામ | : | માયાબેન જગતભાઈ દવે |
| જન્મતારીખ | : | ૩–૧૧–૬૩, મદ્રાસ |
| અભ્યાસ | : | એફ.વાય. બી.કોમ. |
| લગ્નતારીખ | : | ૨૨–૬–૧૯૬૩ |
| શોખ | : | સીવણ, વાંચન, પ્રવાસ, ગીત – સંગીત, સામાજિક કાર્ય |
| પ્રવૃતિ | : | ખજાનચી, મહિલા પાંખ શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ, વિદ્યાનગર |
| પતિનું નામ | : | જગતભાઈ હસમુખલાલ દવે |
| જન્મતારીખ | : | ૧૯–૧૨–૧૯૫૫ વતન – પેટલાદ |
| સસરા | : | પ્રો. હસમુખભાઈ જેઠાલાલ દવે, (કોઢ ચિકિત્સક) |
| સાસુ | : | લીલાવતીબેન હસમુખભાઈ દવે, (શિવણ શિક્ષિકા) |
| દીયર | : | મયુરભાઈ (એડવોકેટ) |
| દેરાણી | : | ડો. નયનાબેન, પી.એચ.ડી, પ્રિન્સિપાલ, બી.એડ્. કોલેજ, પેટલાદ |
| નણંદ | : | (૧) માલતીબેન પ્રદીપકુમાર ઠાકર, ચૈન્નાઈ<br>(૨) ચેતનાબેન દીપકકુમાર મહેતા, નડીયાદ |
| પુત્ર | : | હર્ષ, વેડીંગ ફોટોગ્રાફી અને ફિલ્મ મેકિંગ, એચ.ડી. વિવાહ,<br>વિવાહ પાર્ટી પ્લોટ, કરમસદ |
| પુત્રવધુ | : | એશા, એડિટર, એચ.ડી. વિવાહ |
| પુત્રી | : | ચિત્રા કૃણાલ દવે, લાંભા, અમદાવાદ ચિ. દેવાંશ, ચિ. ખુશી |
| જગતભાઈ વિષે | | |
| અભ્યાસ | : | અભ્યાસ–સિરામિક એન્જીનીયર, એલ.ઈ. કોલેજ, મોરબી<br>૧૯૭૬ ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ, નોકરી – રવિકિરણ સિરામિક્સ પ્રા. લિ.<br>કણજરી ચીફ એઝીક્યુટીવ ટેકનિકલ ૧૯૭૬થી |
| ઈત્તર પ્રવૃતિ | : | સમાજસેવા, શિવામ્બુ ચિકિત્સા, રેકી ચિકિત્સા, એક્યુપ્રેશર ચિકિત્સા |
| શોખ | : | નેચરોપેથી, આયુર્વેદ, કુદરતી ઉપચાર, પ્રવાસ, યાત્રા, ફોટોગ્રાફી<br>નૈસર્ગીક દ ર્શન, ગીત–સંગીત |

મંત્રી : બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ, વ.વી.નગર, ટ્રસ્ટી : શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, ઉપપ્રમુખ : ધી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, દવે માણેકજી બેચરજી છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર, ઉપપ્રમુખ : શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ. અમદાવાદ, તંત્રી : બાજખેડાવાળ પત્રિકા

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી છાયાબેન દવે (મુંબઈ)

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃતિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રિતીબેન પ્રશાંતકુમાર દવે

જન્મતારીખ : ૨૮–૧૧–૧૯૬૭

મૂળ વતન : વડોદરા

અભ્યાસ : બી.કોમ.

મૂળ સોજીત્રાના હાલ વડોદરા રહેવાસી રામલાલ ફૂલશંકર જોષીની દિકરી તથા આણંદના રહેવાસી સ્વ. નટવરલાલ નાથાલાલ દવે (વકીલ)ના દિકરા પ્રશાંતકુમાર નટવરલાલ દવે (વકીલ)ના પત્ની.

મહારાજા સયાજીરાવ યુનીવર્સિટીમાં બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. આણંદમાં ઘણી સામાજિક સંસ્થાઓમાં સભ્ય રહેલા છે તથા આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ, બાજખેડાવાળ મંડળ આણંદના આજીવન સભ્ય છે. આમ સમાજમાં સક્રીય રહી સેવા કરતા આવેલ છે.

પ્રિતીબેનના પતિશ્રી પ્રશાંતકુમાર દવે બાજખેડાવાળ મંડળ – આણંદમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપે છે અને તેઓશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં સેવાઓ આપે છે. જ્ઞાતિ પ્રત્યે તેમનો આદર ખૂબ ઊંચો છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી કલ્પનાબેન કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૦૨-૧૦-૧૯૬૧
અભ્યાસ : બી.એસ.સી.
મુળવતન : મહૂધા
રહેવાસી : નડીયાદ

કલ્પનાબેનના શુભ લગ્ન આણંદ સ્થિત કિરીટકુમાર મંગુપ્રસાદ દવે સાથે ૧૯૮૪માં થયેલ. કલ્પનાબેન નાની ઉંમરથી સંયુક્ત કુટુંબની જવાબદારી શોભાવતા હતા. જે વર્ષોપર્યંત નિભાવી રહેલ છે. બાળકોના ઉછેર તેમજ ભણાવવા ગણાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો છે. જ્ઞાતિ સમાજની સેવા માટે તેમણે તેમના પતિશ્રી કિરીટકુમાર દવેને આગળ કરેલા જેના કારણે કિરીટકુમાર દવે સમાજની સેવાઓ કરી શકે છે. કિરીટકુમાર દવે વર્ષોપર્યંત અંબિકા મીલમાં નોકરી કરતા હતા. ત્યારબાદ તેઓ બાંધકામ તથા ધીરધારનો ધંધો આણંદમાં રહી કરે છે.

પુત્રી - દેવાંશી કૌશલકુમાર દણાંક, (પૌત્રી - ઋત્વા) અમદાવાદ મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્રી - શિવાંગી જતીનકુમાર ઠાકર, (પૌત્ર - પ્રથમ) વિદ્યાનગર મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્ર - રૂચીર દવે હાલ બ્રાંન્ચ સેલ્સ મેનેજર તરીકે બંધન સ્મોલ ફાઈનાન્સ બેંક વિદ્યાનગર ખાતે ફરજ બજાવે છે. તેના શુભ લગ્ન રિદ્ધી સાથે ૨૦૧૭માં થયેલ છે. તેમની પુત્રી ધન્વી જુનિ. કે.જી. માં ભણે છે.

કલ્પનાબેનને ધાર્મિક તથા નવા નવા સ્થળોએ ફરવાનો - નાટક તથા સિનેમા જોવાનો અને નવી નવી રસોઈ બનાવવાનો શોખ છે.

કિરીટકુમાર દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં ૧૯૮૮ની સાલથી સેવાઓ આપી અનેક વિવિધ હોદ્દા ભોગવી હાલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં પ્રમુખ તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી જીનલબેન ગૌરાંગકુમાર પંડ્યા

જન્મતારીખ : ૧૯૭૮

મૂળ વતન : આણંદ

અભ્યાસ : બી.એસ.સી., માઈક્રો, એમ.એલ.ટી.

જીનલબેનના લગ્ન આણંદ સ્થિત ગૌરાંગકુમાર કૌશીકકુમાર પંડ્યા સાથે ૨૦૦૪માં આણંદ મુકામે યોજાયેલ. તેઓને પ્રાચી નામે પુત્રી છે. જીનલબેન જ્ઞાતિ સમાજની પ્રવૃતિઓમાં ઊંડો રસ ધરાવે છે.

ગૌરાંગભાઈ આણંદમાં વકિલાતની પ્રેકટીશ કરે છે અને વકિલ તરીકે ખૂબ જ ખ્યાતનામી મેળવેલ છે. તેઓ ભારતીય જનતા પાર્ટીની લીગલ સેલમાં તથા વકિલ મહામંડળમાં સેવાઓ પૂરી પાડે છે. સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. તેઓશ્રી બાજખેડાવાળ મંડળ આણંદ તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી મનીષાબેન રાજેશકુમાર દવે

જન્મતારીખ : ૧૮-૦૭-૧૯૬૮

જન્મ સ્થળ : નડીયાદ

અભ્યાસ : બી.એ.

મનીષાબેનનાં શુભલગ્ન આણંદ નિવાસી રાજેશકુમાર પિનાકીનપ્રસાદ દવે સાથે ૧૯૮૯માં થયેલ. રાજેશભાઈ જી.ઈ.બી. હાલ મધ્ય ગુજરાત વીજ કંપનીમાં સ્ટેનોગ્રાફર તરીકે નોકરી કરે છે.

પુત્ર : જલજ, પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં નોકરી કરે છે. તેમના શુભલગ્ન નીશા સાથે થયેલ છે. તેઓને વામીકા નામની પુત્રી છે.

પુત્ર : યશ, ભારતમાં બી.એસ.સી., એમ.એસ.સી. ડીગ્રી પ્રાપ્ત કરી વધુ અભ્યાસ અર્થે કેનેડા ગયેલ અભ્યાસ પૂર્ણ કરી પી.આર. મેળવી ફેબ્રુઆરી - ૨૦૨૨માં દેવાંશી સાથે શુભલગ્ન થયેલ છે.

શોખ : નવી નવી સ્ટાઈલના કપડાં પહેરવાનો, ખરીદી કરવાનો, ફરવા જવાનો શોખ છે.

રાજેશકુમાર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખ છે, બાજખેડાવાળ મંડળ આણંદમાં ઉપપ્રમુખ છે અને બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી અર્ચનાબેન ફાલ્ગુનકુમાર ઠાકર

જન્મતારીખ : ૧૦–૦૮–૧૯૭૪

જન્મસ્થળ : અમદાવાદ

અભ્યાસ : બી.એ., એમ.એ.

અર્ચનાબેનના શુભલગ્ન ફાલ્ગુનકુમાર સનતકુમાર ઠાકર સાથે ૧૯૯૫માં થયેલ. લગ્નજીવનની શરૂઆતમાં સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. ત્યારબાદ કૌટુંબીક જવાબદારીઓના કારણે નોકરી છોડી ગૃહસ્થ જીવનમાં પરોવાયેલ છે.

પુત્રી : ભાર્વી ઠાકરના શુભ લગ્ન ૨૦૨૨માં અમદાવાદ નિવાસી શુભમ્‌કુમાર સાથે થયેલ છે.

પુત્ર : આલોક – હાલ કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

શોખ : કપડાં, ટી.વી. તથા ફરવાનો, ઘર સુશોભન કરવાનો

તેઓના પતિ ફાલ્ગુનકુમાર ઠાકર પીટની બોસ નામની ઈન્ટરનેશનલ કંપનીમાં ૨૫ વર્ષથી ફરજ બજાવે છે. છેલ્લા ૫ વર્ષથી વર્ક ફ્રોમ હોમ ફરજ બજાવે છે. તેઓશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – ખજાનચી, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. – ખજાનચી છે. બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – ખજાનચી, બાજખેડાવાળ મંડળ આણંદ – મંત્રી તરીકે અવિરત સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી પ્રિતીબેન સુધીરકુમાર મહેતા

જન્મતારીખ : ૨૫-૦૪-૧૯૭૨

અભ્યાસ : એમ.કોમ.

મૂળવતન : ઉમરેઠ

હાલ : ગાંધીનગર

